# કાવ્યમય સાંજ : સાહિત્ય અકાદમી અને 'ઝરૂખો'ના કાર્યક્રમમાં ઉત્તમ કાવ્યો રજૂ થયાં

૬ ડિસેમ્બરના શુક્રવારની સાંજે બોરીવલીના સાંઈબાબા મંદિરમાં કાવ્યપઠનનું આયોજન કરવામાં આવ્યું હતું. સાહિત્ય અકાદમી અને શ્રી સાંઈલીલા વેલ્ફેર ટ્રસ્ટ - 'ઝરૂખો'ના સહિયારા કાર્યક્રમમાં કવિઓએ પોતાની સુંદર અને ઉત્તમ રચનાઓ રજૂ કરી હતી.

જાણીતા કવિ મુકેશ જોશીએ તરન્નુમમાં ગઝલ રજૂ કરી શ્રોતાઓની દાદ મેળવી હતી. સંજય પંડ્યાએ કવિનો પરિચય કવિના ગીત દ્વારા જ આપ્યો હતો.

**એક ગમતીલું ગામ**
**ગામ વચ્ચે કૂવો**
**કૂવે ગરગડીઓ ચાર**
**ચાર સૈયરની હાર...**

અને

**તને ખોટું ન લાગે તો વાત એક કહું**
**હું થોડો વખત હવે તારામાં રહું!**

વરિષ્ઠ કવિ સંદીપ ભાટિયાએ પણ ત્રણેક ગીત સંભળાવ્યા જેમાં તેમનું ખૂબ જાણીતું ગીત પણ હતું...

**માણસ જેવો માણસ**
**પળમાં ધુમાડો થઈ જાય,**
**એ કંઈ જેવી તેવી વાત નથી!**

જ્યોતિ હિરાણીએ પણ ગીતો રજૂ કર્યાં...

ગઝલકાર દિગંત મેવાડાએ શેરિયતથી મંજાયેલા શેર



સંદીપ ભાટીયા



મુકેશ જોશી



જ્યોતિ હિરાણી



દિગંત મેવાડા



ઓમપ્રકાશ નાગર



પારુલ વોરા



સંજય પંડ્યા

સંભળાવ્યા.

**તું ઉપરછલ્લી વાંચ નહીં**
**જિંદગી છું, તકતી નથી!**

'ફાટી ન પડવું હોય તો ફૂટી નીકળવું પડે...' એ અછાંદસ પારુલ વોરાએ રજૂ કર્યું. તેઓ પ્રથમ વાર રજૂ થયાં પણ તેમનાં કાવ્યોએ ઘણી અપેક્ષા જન્માવી.

સાહિત્ય અકાદમીના પ્રભારી ઓમ પ્રકાશ નાગરે સ્વાગત પ્રવચન આપ્યું હતું અને સાહિત્યના કાર્યક્રમ લોકોને સંવેદનશીલ બનાવવામાં સારો એવો ફાળો આપે છે એની વાત કરી હતી. આવા અન્ય કાર્યક્રમ પણ અકાદમી કરશે એવું તેમણે જાહેર કર્યું હતું.

કવિઓનો પરિચય આપી કાર્યક્રમનું સંચાલન 'ઝરૂખો'ના સંયોજક સંજય પંડ્યાએ સંભાળ્યું હતું.